આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આજકાલ સંબંધો હૈયાના નહીં, હોદ્દાના છે
- ગુણવંત શાહ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૨ | ૩ ડિસેમ્બર, ૨૦૧૩, મંગળવાર; માગશર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર જિલ્લાની જમીનની ઘટતી ફળદ્રુપતા

## રાસાયણિક ખાતરોનો ઉપયોગ અને પાણીની ગુણવત્તાને લઈ જમીનની ફળદ્રુપતા સામે ઉભો થયેલો ખતરો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની જમીનની ફળદ્રુપતાને લઈ એક નવો પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે.

રેતાળ જમીન ધરાવતા ગાંધીનગર જિલ્લામાં વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપીયોગને પગલે જમીનમાંથી ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યાનું ચોંકાવનારી હકીકતો જમીનોના કરાયેલા સેમ્પલસોઈલ ટેસ્ટીંગમાં બહાર આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં પાણીના સ્ત્રોતોની ગુણવત્તા સામે પણ ભારે મોટો પ્રશ્નાર્થ છે. ૧૪૦થી વધુ ગામોના પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નો ઉભા થયેલા છે. ભૂગર્ભ જળના સ્તર પણ ઊંડા જઈ રહ્યા છે અને તેથી જમીન પર ક્ષારનું પ્રમાણ વધી રહ્યાનું જણાયું છે.

પાણીની ગુણવત્તા અને રાસાણિક ખાતરોના વધુ પડતા ઉપીયોગને પગલે જમીન ફળદ્રુપતાની સંતુલનતા ખોરવાઈ રહી છે.

ગાંધીનગર જિલ્લાની જમીન રેતાળ હોવાને કારણે ઉધઈની સમસ્યા સામે પણ ખેડૂતો લડત આપી રહ્યા છે આ ઉપરાંત રેતાળ જમીનને કારણે ઉંદરોની સમસ્યા પણ ખેડૂતો માટે એટલી જ ચિંતાજનક બનીને ઉભરી છે.

ગાંધીનગર જિલ્લાની જમીનની ફળદ્રુપતા અંગે ઉભા થયેલા પ્રશ્નાર્થોને લઈ ખેડૂતો વધુ મૂંઝવણમાં મુકાયા છે. ખેડૂતો હવે ઓર્ગેનિક ખેતીનો વિકલ્પ વિચારવા માંડ્યા છે. આ ઉપરાંત નેટ હાઉસ જેવી ખેતી અંગેના વિકલ્પને પણ અપનાવવા માટે તૈયાર થઈ રહ્યા છે.

જિલ્લામાં એક લાખ કરતાં પણ ખેડૂત ખાતેદારો છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં જે રીતે એગ્રીકલ્ચર ઝોનમાં ઘટાડો થઈ રહ્યો છે તેથી આગામી દિવસોમાં ખેતી એ પ્રશ્નાર્થ બનશે તેમ મનાઈ રહ્યું છે.



અદ્દભૂત ઉડાન - પાંખ અને આંખ જીવ સૃષ્ટિને નવી ઉડાન આપે છે... પક્ષીઓને ભગવાને પાંખો આપી અને માનવીને ભગવાને આંખો આપી.... અદ્દભૂત સકારાત્મક અભિગમથી જીવસૃષ્ટિનું સર્જન કરાયું છે... પાંખના સહારે પક્ષી વિશાળ ગગનમાં વિહાર કરી શકે છે... પંખીઓના વિહારનું અદ્દભૂત ફોરમેશન નિહાળવાનો અનોખો લ્હાવો હોય છે... પંક્તિબંધ ઉડાન કરવું... ચોક્કસ દિશામાં ઉડાન કરવું... એક-મેકની સાથે ઉડાન કરવું... સૌને સમાન તક અને સમાન હકની પરંપરામાં પરમશ્રદ્ધા હોય એમ સૌ સાથે ઉડાન કરે છે... પંખીઓની ઉડાનની આ અદ્દભૂત કલા નિહાળવા માટે દૃષ્ટિની જરૂરિયાત છે.. સમજણની જરૂરિયાત છે અને સમયની જરૂરિયાત છે... (તસવીર : દિપક જાની)

# આસારામની જામીન અરજી અંગે આવતીકાલે કોર્ટનો ચુકાદો

### જામીન અરજી સંદર્ભે બંને પક્ષકારોની દલીલો પૂર્ણ થઇ



ગાંધીનગર, તા.૨

સુરતની યુવતિના યૌનશોષણ કેસમાં સંડોવાયેલા આસારામની જામીન અરજી સંદર્ભે આજે ગાંધીનગર કોર્ટમાં બંને પક્ષે દલીલો કરવામાં આવી હતી. ડીસ્ટ્રીક્ટ કોર્ટ હવે આ કેસ અંગે તા. ૪ ડીસેમ્બરના રોજ ચુકાદો આપશે.

સુરતની યુવતિના યૌન શોષણ કેસના આરોપસર ઝડપાયેલા આસારામની જામીન અરજી અગાઉ કોર્ટે નામંજૂર કરી હતી જયારે ગત મહિનાના અંતમાં આસારામના વકીલ મારફતે ગાંધીનગર કોર્ટમાં ફરી રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. આ જામીન અરજી સંદર્ભે આજે ગાંધીનગરની ડીસ્ટ્રીકટ કોર્ટમાં બંને પક્ષકારોએ સામ સામે દલીલો રજૂ કરી હતી. સરકારી વકીલે આ કેસને અનુલક્ષી જામીન અરજી નામંજૂર કરવા સંદર્ભમાં જજમેન્ટ રજૂ કર્યા હતા. જયારે આસારામના વકીલ તરીકે બી.એમ. ગુપ્તાએ પ્રેકટીકલ ઈન્વેસ્ટીગેશન પૂર્ણ થઈ ગયું હોવાનું જણાવી મજબૂત મેડીકલ પુરાવાઓ પણ હોવા જોઈએ તેવી દલીલ સાથે જામીન મંજૂર કરવા કોર્ટ સમક્ષ દલીલ કરી હતી. આજે બંને પક્ષકારોની દલીલો પૂર્ણ થતા ડિસ્ટ્રીકટ કોર્ટ જામીન અરજી અંગે તા. ૪ ડિસેમ્બરના રોજ ચુકાદો આપશે.

# જિલ્લાની આંગણવાડીઓમાં ૩૧૬ વિકલાંગ બાળકો છે

## દૃષ્ટિની ખામી ધરાવતા ૬૭ અને મંદબુધ્ધિના બાળકો ૫૭ : એક કરતાં વધુ ક્ષતિ ધરાવતા ૨૨ બાળકો : આ બાળકોનું હેલ્થ મેપીંગ કરાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાની એક હજાર કરતાં વધુ આંગણવાડી કેન્દ્રોમાં ૩૧૬ જેટલા વિકલાંગ બાળકો તેમના બાળપણનો આનંદ લૂંટી રહ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાનની સીધી દોરવણી હેઠળ આ અંગેનો સર્વે અંધજન મંડળના સહયોગથી હાથ ધરવામાં આવ્યો હતો. વિકલાંગતાનું વહેલું નિદાન થાય તેમજ સમયસર સારવાર મળે તેમજ તે બાળકની વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર પણ તાત્કાલિક મળી રહે તેવા વિવિધ આશયો સાથ આ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

આ માટે જિલ્લાના ચારેય તાલુકામાં એક દિવસીય વર્કશોપનું પણ આયોજન કરી આ બાળકોને શોધવા માટેની વિશેષ તાલીમ ટીમો બનાવી આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લો આ ગણત્રીમાં પ્રથમ છે અને પહેલીવાર આંગણવાડીના વિકલાંગ બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં હરિયાળી પથરાશે પાંચ બગીચાઓનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા.૨

ગ્રીનસીટી અને કલીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા ગુડા વિસ્તારમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની નમૂનારૂપ વ્યવસ્થા ગોઠવાયા બાદ આંખોને ઠંડક આપતી હરિયાળી પાથરવા વિવિધ પાંચ જેટલા ઉદ્યાનો બનાવાશે. જો કે બગીચા નિર્માણની યોજના અન્વયે ટી.પી. વિસ્તારમાં જગ્યા ફાઈનલ કરવાનું બાકી છે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોની ગતિ તેજ કરાયા બાદ વિકાસના નવતર અભિગમ સાથે વર્કીંગ વુમન હોસ્ટેલ અને વિસામો બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. અદ્યતન અને નમૂનારૂપ વિકાસની કેડી કંડારવા ગુડા વિસ્તારમાં વિકાસનું સમાન ધોરણ જાળવવા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તળાવ વિકાસની સાથે બગીચા નિર્માણના પ્રોજેકટનું પણ આખરી આયોજન કરવામાં આવી રહ્યું છે. વાવોલમાં તળાવને પીકનીક સ્પોટ બનાવવાની કામગીરી સાથે વિવિધ ટી.પી. વિસ્તારમાં ગંદકીની સમસ્યા હલ કરવા ડોર ટુ ડોર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની અદ્યતન વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. બીજી તરફ કલીનસીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ પ્લાન્ટેશનની સાથે બગીચા નિર્માણનું કામ હાથ ધરવાની દીશામાં પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુડા વિસ્તારમાં વિવિધ પાંચ જેટલા સ્થળોએ નવા બગીચા બનાવવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. આ મામલે હાલ ટી.પી. વિસ્તારમાં સ્થળ નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. જયારે સ્થળ પસંદગી પૂર્ણ થયા બાદ ઉદ્યાન નિર્માણનું કામ હાથ ધરાશે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા **મહેસાણા** શહેરમાં **એલ.આઈ.જી.-૧, એલ.આઈ.જી.-૨** અને **એમ.આઈ.જી.-૧** યોજનાઓ માટે અરજી પત્રક મેળવવાની તેમજ ભરીને પરત કરવા માટેની મુદત **તા.૦૩-૧૨-૨૦૧૩ થી તા.૨૪-૧૨-૨૦૧૩** સુધી લંબાવવામાં આવેલ છે.

ગુજરાત હાઉસીંગ બોર્ડ
પ્રગતિનગર, નારણપુરા,
અમદાવાદ-૧૩
website : www.gujarathousingboard.org

મુખ્યમંત્રી ગૃહ યોજના

**યોજનાની વિશેષતાઓ :**

- બાંધકામના માળખામાં ક્ષતિ-જવાબદારી સમયગાળો ૧૦ વર્ષ.
- પાત્ર લાભાર્થીને સરળ બેંક લોનની સુવિધા.
- એલ્યુમિનિયમ ગ્લાસ સ્લાઈડીંગ વિન્ડોઝ, એમ.એસ.ગ્રીલ, ગ્રેનાઈટ કીચન પ્લેટફોર્મ.
- એલ.આઈ.જી.-૨, એમ.આઈ.જી.ના બધાજ રૂમોમાં વેટ્રીફાઈડ ટાઈલ્સ ફલોરીંગ તથા બાથરૂમ-ટોઈલેટમાં ફુલ હાઈટની વોલ ટાઈલ્સ.
- એલ.આઈ.જી.-૧ના ડ્રોઈંગ રૂમમાં વેટ્રીફાઈડ ટાઈલ્સ અને બેડરૂમ, કિચનમાં સીરામીક ટાઈલ્સ તેમજ બાથરૂમ-ટોઈલેટમાં ૯૦ સે.મી. સુધીની વૉલ ટાઈલ્સ.
- પુરતી ક્ષમતાવાળી અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકી સાથે ૨૪ કલાક પાણીની વ્યવસ્થા
- નેશનલ બીલ્ડીંગ કોડ મુજબ અગ્નિશામક તેમજ ભૂકંપ પ્રતિરોધક બાંધકામ તથા આધુનિક આકર્ષક એલીવેશન.
- લેન્ડ સ્કેપીંગ, ગાર્ડન, આર.સી.સી. રોડ તથા કેમ્પસ લાઈટસ.
- લીફટની સુવિધા તેમજ આકર્ષક ફોયર.
- ડેકોરેટીવ ગેઈટ તેમજ સીકયોરીટી કેબીન.
- આ મકાનો પર સુપર બીલ્ટઅપની કિંમત ઉમેરવામાં આવતી નથી.

**જે અરજદારે માહિતી તેમજ જરૂરી દસ્તાવેજો સાચા રજુ કરેલ હશે તેમજ લોન મેળવવા માટે બેંકમાં અરજી કરેલ હશે તેમ છતા પણ બેંક પાસેથી લોન મેળવવા માટે અમાન્ય ઠરે તો તેવા અરજદારને અરજી સાથે ભરેલ રકમ પરત આપવાનો વિકલ્પ આપવામાં આવશે.**

- યોજનાનું બ્રોશર (માહિતી પત્રિકા) ગુજરાત હાઉસીંગ બોર્ડની વેબસાઈટ www.gujarathousingboard.org.in પરથી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે.
- કોરા અરજી પત્રક અને યોજનાનું બ્રોશર (માહિતી પત્રિકા) રૂા.૧૨૫/- રોકડા જમા કરાવીને માત્ર કોટક મહિન્દ્રા બેન્કની સમગ્ર રાજયમાં આવેલ કોઈપણ નજીકની શાખામાંથીજ મેળવી શકાશે.

**મહેસાણા** સોમનાથ મહાદેવ રોડ, મહેસાણા.







PMC : Engineers India Ltd. (EIL) | Developers : Krunal Construction




